સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

બધે વકીલ-કાયદા-ન્યાયમાં સલાળા હોય છે,
લાંચના ઢાળા, મુક્તિના તાળા, કોર્ટે ચાળા હોય છે.
જપો માળા માલ્યાની, દિલ્હી હજુ દૂર છે બહુ -
વિશ્વ આખામાં પોલીસ ને કાગડા કાળા હોય છે...
(ધરપકડ - વૂર્ત - જમીન)

અનામતની -
પાસ, હાર્દિક-કણી,
ખટકે આંખે
(ભાજપ ચિંતા)

જૂથો ના રાજા
માગે છે સિંહાસન -
ખટકે ઐક્ય!
(કોંગી ની ચિંતા)

ચિંતન

રજતં કનકસંગાત્ કનકં ભવતિ

ઉપરોક્ત શ્લોક ચામક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સુવર્ણના સંગમાં રજત પણ સુવર્ણ બની જાય છે.

જેમ સોના સાથે ભેળવેલી ચાંદી, પોતાના મૂળ ગુણોને ગુમાવી સુવર્ણવર્ણી બની જાય છે તેમ સજ્જનોની સાથે રહેવાથી દુર્જન પણ સજ્જન બની જાય છે.

આપણા પ્રાચીન - ધાર્મિક ગ્રંથો અને સાધુ-સંતો દ્વારા થતાં વ્યાખ્યાન-કથાઓમાં 'સત્સંગ'નો મહિમા ખૂબ જ ગાવામાં આવ્યો છે.

સત્સંગથી સારા અને હકારાત્મક વિચાર આવે છે. સારા વિચારનું પરિણામ સત્કર્મો અને સદાચાર છે.

સુવિચાર

- જે દિવસથી આપણે શ્રેષ્ઠ અને ઉચ્ચ વિચાર રાખવાનું શરૂ કરીએ છીએ એ દિવસથી આપણે કયારેય એકલા નથી રહેતા. - **વિચારસૂત્ર**
- મોટા ભાગના લોકોની મુશ્કેલી એ છે કે તેઓ પોતાના દિમાગથી વિચારવાની જગ્યાએ પોતાની શંકા અને ઈચ્છાઓ દ્વારા વિચારે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાહસ એક ગુણ ત્યારે જ બની શકે છે, જયારે તે બુદ્ધિમાનીની સાથે પ્રયોગ કરવામાં આવે છે - **ગુણવંત આચાર્ય**
- પોતાના બાળકને મહાન વ્યક્તિ બનાવતા પહેલા એને મહાન બાળક બનાવો - **જનકલ્યાણ**
- માનવજાતનું ડહાપણ બે વાક્યમાં સમાઈ જાય છે : રાહ જુઓ, આશા રાખો - **એલેકઝાન્ડર ડુમા**
- પાણી જેવી ચંચળતાથી માણસ મહાન થઈ શકે નહિં - **હરિભાઉ ઉપાધ્યાય**
- આજનું ઔષધ - સૂંઠ, મરી અને લીંડી પીપર સરખા પ્રમાણમાં ભેળવીને બનેલ ચૂર્ણ ૧ ચમચી સવાર-સાંજ મધ સાથે ચાલવાથી ખાંસી, શરદી, શ્વાસમાં રાહત થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

જીવ મરતો નથી, બળતો નથી, દફન થતું નથી - ગીતાનું આ જ્ઞાન, સોક્રેટીસના શબ્દોમાં :

સોક્રેટિસને કારાવાસમાં એમના શિષ્યો એમને મળવા આવ્યા હતા. કાલે સોક્રેટિસને ઝેરનો કટોરો આપવાના ફરમાનથી શિષ્યોએ કંઈક વાત પૂછી તો સોક્રેટિસે જવાબ આપ્યો. 'આત્મા અમર છે, તે કદી મરતો નથી.' શિષ્યોએ પુછ્યું, 'ગુરુદેવ, આપની અંત્યેષ્ટિ ક્રિયા અમે કેવી રીતે, કયાં કરીએ તે અમને કહો.' સોક્રેટિસે કહ્યું, 'તમે તો નવાઈની વાત પૂછી રહ્યા છો, તો શું મને મારનારા મારા શત્રુઓ છે અને મને દફનાવનારા તમે મારા પર બહુ પ્રેમ કરનારા છો? એ લોકો તો બિચાર એમના અજ્ઞાનને લીધે મને મારી નાખે છે પણ તમે શું સમજદાર થઈને મને દફનાવવા માંગો છો? તમે મને કયાં દફનાવશો? માટીમાં?? અરે વ્હાલા શિષ્યો તમે શું જાણતાં નથી કે મને કોઈ મારી શકે તેમ નથી. નથી કોઈ મને દફનાવી શકે તેમ, અત્યાર સુધી તો મારો ઉપદેશ તમે સમજ્યા હોય એવું મને લાગતું નથી.' આવું સાંભળી શિષ્યો સ્તબ્ધ થઈ ગયા.

બીજે દિવસે સોક્રેટિસે સ્વહસ્તે આનંદથી વિષ કરોટો ગટગટાવી દીધો. એમનો દેહ ભલે દફનાવી દીધો પણ એમનું જીવન માટેનું સિંચન આજે પણ જીવિત અને અમર છે.

લાલ લાઈટ નાબૂદીનો નિર્ણય : નીવડ્યે વખાણ!?

લાલ લાઈટ નાબૂદીનો નિર્ણય : નીવડ્યે વખાણ!?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઝાટકે દેશમાં ચેપી રોગની જેમ ફેલાઈ ગયેલ વીઆઈપી કલ્ચરનો ખાતમો બોલાવી એક ઐતિહાસિક અને સીમાચિહ્ન સમો નિર્ણય લીધો છે. જો કે આવો નિર્ણય રાજય સ્તરે દિલ્હીમાં કેજરીવાલ અને પંજાબમાં કેપ્ટન અમરિંદર સિંહની સરકારોએ ઘણો વહેલો લઈ લીધેલ હોઈ કેન્દ્ર સરકારને એનો જશ મેળવવા જતાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના કટાક્ષો જરૂર ખમવા પડશે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ જેવી ન્યાયપાલિકાઓ દ્વારા વારંવાર લાલ લાઈટના લબૂક ઝબૂકિયા રોફ વિરુદ્ધ નિરીક્ષણો થતાં રહ્યાં છે. આદેશ નહીં તો માર્ગદર્શન સૂચન સ્વરુપે ન્યાયપાલિકા રાજયો અને કેન્દ્રની સરકારના મંત્રી સમુદાય તથા અધિકારીગણના 'વાઈઆપી કેઝ' ને વખોડતી રહી છે, પરંતુ એથી લાલ લાઈટનો મોહ છૂટ્યો નહોતો. નીચલા સ્તરના અધિકારીઓ પૂરતી લાલ-પીળી લાઈટ પાછી ખેંચી લઈ અદાલતના સૂચનનો અમલ કરી દીધાનો દેખાવ કરી વોહી બેઢંગી રફતારમાં લાલ લાઈટો ઝબૂળતી રહી છે. હવે જયારે કેન્દ્રિય કેબિનેટ દ્વારા જ વીઆઈપી કલ્ચરના વરવા પ્રતીક સમી લાલ લાઈટો નાબૂદ કરવાનો નિર્ણય લેવાયો છે ત્યારે એનો કેવો અને કેટલો અમલ થાય છે તે જોવું રહ્યું. સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૧૩માં લાલ બત્તીના ઉપયોગ પર આંશિક નિયંત્રણ લાદતો ચુકાદો અપાયા પછી નીચલા સ્તરના અધિકારીઓ અને પદાધિકારીઓ પૂરતો અમલ કરાયો હતો, છતાં આંખ આડા કાન કરી આવા મિની-વીઆઈપીઓ પણ હાઈવે પર નીકળતા ત્યારે એમની સરકારી કે ભાડાની ગાડીઓ પર લાલ લોટા ગોઠવી દેતા હતા.

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટ સ્તરે નિર્ણય કરાવ્યા પછી નીતિન ગડકરી જેવા વરિષ્ઠ કેન્દ્રી મંત્રી સહિત કેટલાક મંત્રીઓએ તત્કાળ એનો અમલ કર્યો છે. આવા મંત્રીઓમાં ઉમા ભારતી અને ગિરિરાજસિંહ જેવા હિંદુત્વવાદીઓની સાથે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો પણ સમાવેશ થાય છે. દરેક રાજય સરકાર પોતાના સ્વવિવેકની બંધારણીય હોદ્દો ધરાવતા રાજયપાલ અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિથી લઈ બોર્ડ નિગમોના ચેરમેનો સુધીના પદાધિકારીઓને અને મુખ્ય સચિવથી લઈ કલેકટર અને એસપી કક્ષાના અધિકારીઓને લાલ-પીળી લાઈટો વાપરવાની પરવાનગી આપતી રહી છે. કેન્દ્રીય કેબિનેટના કઠોર નિર્ણય પછી ખુદ મુખ્યમંત્રી પણ આ સુવિધાનો ઉપયોગ નહીં કરી શકે. વડાપ્રધાને દેશનો દરેક નાગરિક વીઆઈપી છે - એ મતલબનું નિવેદન કરીને લાલ લાઈટવાળી સુવિધા ફક્ત રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને સ્પીકર જેવી બંધારણીય હસ્તીઓ પૂરતી મર્યાદિત કરી દીધી છે, જેનો અમલ મે મહિનાની પહેલી તારીખથી થશે. કેન્દ્રીય કેબિનેટના આ નિર્ણય પાછળ પ્રજામાં લોકપ્રિય બનવાની વૃત્તિનાં જરૂર દર્શન થાય, પરંતુ જો આ નિર્ણયનો સરખો અમલ નહીં થઈ શકે તો ખુદ વડાપ્રધાન હાંસીપાત્ર બની રહેશે. ઊંટે કાઢ્યા ઢેકા તો માણસે કર્યા કાઠડા - એ ન્યાયે 'વીઆઈપી' કલ્ચરનો મોહ ધરાવતા નેતાઓ અને અધિકારીઓ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી દેવાની પેરવી કર્યા વિના રહેશે ખરા? આખરે વીઆઈપી-પણું એ તો અફીણ કરતાં પણ અદકેરું વ્યસન છે! છતાં, આવા લોકાભિમુખ વલણ ધરાવતા નિર્ણય બદલ વડાપ્રધાનને અભિનંદન તો આપવાં જ પડે!

૨૦૩૦માં સમગ્ર ભારતમાંથી મેલેરીયા નિર્મૂલ્ય થઈ જશે...

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર
ડો. દિનેશ રાઠોડ

અરે ભાઈ, તમે તો યાર ગોળ ગોળ ફેરવો છો. ગયા અંકમાં તમે જાહેર કરેલું કે ગુજરાતમાંથી ૨૦૨૨માં મેલેરીયા નિર્મૂલ્ય થઈ જશે. એવી જ રીતે ૨૦૩૩માં કેવી રીતે આખા ભારતમાંથી નિર્મૂલ્ય થઈ જશે ?

ભાઈ, આ વાત સાચી છે. આખા શ્રીલંકામાંથી ખરેખર મેલેરીયા નિર્મૂલ્ય થઈ ગયો. તો સવાલ એ થાય કે શ્રીલંકા જેવા દેશમાં જો મેલેરીયા નિર્મૂલ્ય થઈ શકતો હોય તો ભારતમાં કેમ નહીં ? તો શ્રીલંકામાં એવું તો શું થયું ? કે આખા શ્રીલંકામાંથી મેલેરીયા નિર્મૂલ્ય થઈ ગયો. પહેલાં તો સરકારે આખા દેશમાં એક મોટું આહ્વાન આપ્યું કે તમે તમારા રહેણાંકની જગ્યાઓ, ગામ હોય, શહેર હોય, ગલીઓ હોય, ઘરની ટાંકીઓ હોય ગમે ત્યાં ખાબોચીયાં પડવા નહીં દેવાના. પડે તો પાણી ભરાવા નહીં દેવાનું. ટૂંકમાં જેટલી ચોખ્ખાઈ રાખશો એટલા મચ્છરના પોરા ઓછા જન્મશે અને તેમાંથી મચ્છર પણ ઓછા થશે. ધારો કે, કોઈ દર્દીને મેલેરીયા થયો હોય તો અત્યારે જે દવા લોકો ત્રણ દિવસ, લોકો એટલે કોણ ? લોકો જાતે દવા લે છે ? ના ભાઈ... ઘણી વખત જનરલ પ્રેક્ટીસ કરનારા ડૉક્ટરો ઓછા ડોઝમાં મેલેરીયાની દવા આપે છે. દુઃખની વાત એ છે કે... જનરલ પ્રેક્ટીસ કરતાં ડૉક્ટરનું પહેલું નિદાન મેલેરીયા હોય છે. ના મટે તો વાયરલ, પછી ના મટે ટાઈફોઈડ. આ રીતની પ્રેક્ટીસ કરવાની સહેલો રસ્તો છે. ટૂંકમાં ભગવાન ભરોસે દર્દીઓને દવા જનરલ પ્રેક્ટીસદારો આપતા હોય છે. ભગવાન ભરોસે કેમ ભાઈ ? એટલે કે ડૉક્ટર દર્દીને પૂછે શું થાય છે ? તાવ આવે છે, પેસન્ટ કહે હા.. એટલે પહેલું વાક્ય મેલેરીયા જ છે અને પછી અડધા ડોઝમાં પેસન્ટને ઈન્જેકશન આપવાના કાં તો દવા આપવાની. જેના લીધે મેલેરીયાના જંતુને પ્રોપર ડોઝમાં એન્ટી મેલેરીયન દવા નથી મળતી અને તેના લીધે દર્દીને અમૂક સમય સુધી સારું રહે છે. પણ પછી દર્દીની પરિસ્થિતિ ખૂબ ગંભીર બની જાય છે. પરિસ્થિતિ દર્દીની ગંભીર કેમ બને ? સમજ્યા વિચાર્યા વિના ઓછા ડોઝમાં મેલેરીયાની દવા અપાતા મેલેરીયા મનુષ્યના શરીરમાંથી સંપૂર્ણપણે નાબૂદ નથી થતો અને શરીરના અમુક અવયવોમાં એ શાંત બેસી રહે છે. એટલે જ્યારે એને તક મળે ત્યારે બેવડા બળથી પ્રહાર કરે છે અને મનુષ્યની કીડની, લીવર, બ્રેન વગેરેને મોટી અસર થાય છે. જેના લીધે ઘણી વખત મેલેરીયા થયા પછી ઓછી દવા લીધેલી હોય તેને કારણે કીડની બગડી જાય છે, મગજ ઓછું કામ કરતું થઈ જાય છે અને લીવર પણ ખલાસ થઈ જાય છે. આમ ગોળગોળ શું કરવા વાતો કરો છો. કંઈ ચોખ્ખું કહો ભાઈ ? એટલે મેલેરીયાનો લોહીનો ટેસ્ટ કરાવવો જરૂરી હોય છે અને લોહીના ટેસ્ટમાં જો મેલેરીયા પોઝીટીવ આવે તો જ મેલેરીયાની દવા લેવી જોઈએ. હા, ઘણી વખતે લેબોરેટરીમાં મેલેરીયા હોવા છતાં પણ મેલેરીયાનો રીપોર્ટ નેગેટીવ આવે છે. તો એ પરિસ્થિતિમાં ખોટો ડોઝ લીધા સિવાય ફરી બે – ત્રણ વખત લોહીનો ટેસ્ટ કરાવી મેલેરીયા પોઝીટીવ આવવાની રાહ જોવી જોઈએ અને મેલેરીયા નેગેટીવ હોય તો મેલેરીયાની દવા ન જ લેવી જોઈએ. જોકે, આવું લખવાની ઘણાં બધા ડૉક્ટર મિત્રોને દુઃખ થશે પણ ભાઈ આપણો છુટકો નથી. દેશમાંથી મેલેરીયા ભગાડવો હોય તો આ કડવી દવા પીવી જ પડશે. તો ખરેખર સચી દવા શું છે ભાઈ એટલે મેલેરીયાની દવા પહેલાં લોકો બે કે ત્રણ દિવસ લેતાં હતા. હવે, મેલેરીયાની દવા સાત દિવસ લોકો લેતાં થયાં છે પણ ખરેખર ભાઈ મેલેરીયાની દવા ૧૪ દિવસ સુધી લેવી જોઈએ. જે દવાનું નામ છે પ્રાઈમાક્વીન નામની દવા ૧૪ દિવસ લેવાની હોય છે. સામાન્ય રીતે મેલેરીયાની શાખા તરફથી જ્યારે મેલેરીયાનું નિદાન કરી મફત દવા આપે છે ત્યારે તે લોકો ૧૪ દિવસની પ્રાઈમાક્વીન આપતાં જ હોય છે પણ આપણે એટલે કે દર્દી બે દિવસ તાવ ઉતરી જાય પછી પૂરો કોર્ષ કરવામાં નારાજગી બતાવે છે અને તેને લીધે પોતે તો દુઃખી થાય છે અને આખા દેશને, આખા રાજ્યને, આખા ગામને દુઃખી કરતો રહે છે. માટે રેડીકલ ટ્રીટમેન્ટ જે મેલેરીયા થયો છે તે દર્દીએ અચૂક લેવી જોઈએ.

આમ આપણે બધાને સમજાવીશું, વાતાવરણ ચોખ્ખું રાખશું, પાણીની ટાંકીઓ ચોખ્ખી રાખશું તો મેલેરીયાને શ્રીલંકાની જેમ આપણે પણ નાથી શકીશું. માટે આવો સંકલ્પ કરીએ કે મેલેરીયાને દેશવટો આપીએ જ. અને આપણું નામ, આપણા દેશનું નામ વિકસિત દેશોમાં મૂકી દઈએ.

ડુંગળી કે લસણ તેનામાં રહેલા કયા તત્ત્વને કારણે ચોક્કસ ગંધ આવે છે ?

વિજ્ઞાન જગત

(૧) હડકવાના રોગથી શરીરના કયા મહત્ત્વના અંગને અસર થાય છે?
(અ) રૂધિરાભિસરણ તંત્ર (બ) ચેતાતંત્ર
(ક) શ્વસનતંત્ર (ડ) ઉત્સર્ગતંત્ર

(૨) નીચેનામાંથી કોય રોગ ફુગથી થતો નથી?
(અ) દાદર (બ) ખરજવું
(ક) એથલિટ ફૂટ (ડ) પાયોરિયા

(૩) પૃથ્વી પર આવેલ જળસ્તર કયા નામે ઓળખાય છે ?
(અ) હાઈડ્રોસ્પીયર (બ) એટમોસ્પીયર
(ક) બાયોસ્પીયર (ડ) જીઓસ્પીયર

(૪) કયું તત્ત્વ થાઈરોઈડ ગ્રંથીને કાર્યરત રાખે છે ?
(અ) કેલ્શિયમ (બ) આર્યન
(ક) આયોડિન (ડ) પોટેશિયમ

(૫) ડુંગળી કે લસણ તેનામાં રહેલા કયા તત્ત્વને કારણે ચોક્કસ ગંધ આવે છે ?
(અ) આયોડિન (બ) સલ્ફર
(ક) પોટેશિયમ (ડ) બ્રોમિન

(૬) વિટામીન ઈનું રાસાયણિક નામ શું છે ?
(અ) ટોકોફેરોલ (બ) સાયટ્રીક એસિડ
(ક) ટાયલિન (ડ) લિબ્યુમીન

(૭) કાર્બન પેપરની શોધ કયાં વૈજ્ઞાનિકે કરી હતી?
(અ) હોરેસ શોર્ટ (બ) રાલ્ફ વેઝવુડ
(ક) વિલ્સન (ડ) વિલિયમ હર્ષિલ

(૮) કાચા ફળો ને પકવવા કયા વાયુનો ઉપયોગ થાય છે?
(અ) એસીટીલીન (બ) સલ્ફર ડાયોકસાઈડ
(ક) મિથેન (ડ) બ્યુટેન

(૯) આતશબાજીમાં દેખાતો લીલો રંગ શાના લીધે હોય છે?
(અ) કેલ્શિયમ (બ) સોડિયમ
(ક) મેગ્નેશિયમ (ડ) બેરિયમ

(૧૦) વિશ્વનું પ્રથમ ઈકો કોમ્પ્યુટર કયા દેશે બનાવ્યું ?
(અ) સ્કોટલેન્ડ (બ) પોલેન્ડ
(ક) આયર્લેન્ડ (ડ) ગ્રીનલેન્ડ

(૧૧) લાફિંગ ગેસની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) રોબર્ટ બોઈલ (બ) રોબર્ટ કૂક
(ક) પ્રિસ્ટલે (ડ) એલેકઝાંડરે

(૧૨) કોપર અને ટીન આ બે ધાતુના મિશ્રણથી કઈ ધાતુ બને છે?
(અ) પિત્તળ (બ) સીસુ
(ક) સિલ્વર જર્મેનિયમ (ડ) કાંસુ

(૧૩) પોટેશિયમ એલ્યુમિનિયમ સલ્ફેટ એ કોનું રાસાયણિક નામ છે?
(અ) ફટકડી (બ) નવસાર
(ક) અલિસ પાવડર (ડ) ચૂનો

(૧૪) નીચેનામાંથી શામાં ટાર્ટરિક એસિડ હોય છે?
(અ) લીંબુ (બ) આમલી
(ક) સફરજન (ડ) સંતરાં

(૧૫) ભારતમાં શેરબજારમાં 'ઓન લાઈન ટ્રેડીંગ'ની શરુઆત કયારે થઈ?
(અ) નિકોટીન (બ) પ્રોટીન
(ક) ટાપલિન (ડ) સ્ટાઈલીન

વિવિધા

વિષય : ભારતનાં સ્ટોક એક્સચેન્જ

- બોમ્બે સ્ટોક એક્ષ્ચેન્જ (BSE) મુંબઈ
- નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ - મુંબઈ
- અમદાવાદ સ્ટોક એક્ષ્ચેન્જ, અમદાવાદ
- વડોદરા સ્ટોક એક્ષ્ચેન્જ, વડોદરા
- સૌરાષ્ટ્ર-કચ્છ સ્ટોક એક્ષ્ચેન્જ, રાજકોટ
- બેંગ્લોર સ્ટોક એક્ષ્ચેન્જ, બેંગ્લોર
- ભુવનેશ્વર સ્ટોક એક્ષ્ચેન્જ, ભુવનેશ્વર
- કોલકત્તા સ્ટોક એક્ષ્ચેન્જ
- કોચીન સ્ટોક એક્ષ્ચેન્જ
- દિલ્હી સ્ટોક એક્ષ્ચેન્જ
- ગુવાહાટી સ્ટોક એક્ષ્ચેન્જ
- હૈદરાબાદ સ્ટોક એક્ષ્ચેન્જ
- જયપુર સ્ટોક એક્ષ્ચેન્જ
- કનરા સ્ટોક એક્ષ્ચેન્જ, મેંગ્લોર
- લુધીયાણા સ્ટોક એક્ષ્ચેન્જ
- મદ્રાસ સ્ટોક એક્ષ્ચેન્જ
- મધ્યપ્રદેશ સ્ટોક એક્ષ્ચેન્જ
- મગધ સ્ટોક એક્ષ્ચેન્જ
- પુણે સ્ટોક એક્ષ્ચેન્જ, પુણે
- ઉત્તરપ્રદેશ સ્ટોક એક્ષ્ચેન્જ, કાનપુર
- કોઈમ્બતુર સ્ટોક એક્ષ્ચેન્જ, કોઈમ્બતુર
- મેરઠ સ્ટોક એક્ષ્ચેન્જ, મેરઠ

ખજાનો
અનિલ પટેલ

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : જાણીતા રાજકીય નેતા શરદ પવાર કઈ રાજકીય પાર્ટીના અધ્યક્ષ છે? જવાબ : એન.સી.પી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) નટુભાઈ દરજી : પેથાપુર
(૬) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૭) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૮) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસી., ધોળેશ્વર

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ થયેલ બાબરી ધ્વંસ સમયે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી કોણ હતા ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૬) ૫ (૪૬) ૫૮ (૬૬) ૬ (૨૬) ૬ (૧૬) ૬ (૦૬)
૬ (૭) ૫૮ (૮) ૫ (૯) ૫૮ (૩) ૬ (૫) ૬ (૪) ૫૮ (૬) ૬ (૨) ૫ (૧)

ગંગાજળ અને તુલસીપત્ર પવિત્ર કેમ?

નવોદિત કોલમ
કાનન ઓઝા

ઋગ્વેદ પ્રમાણે મનુષ્યનો છેલ્લો સંસ્કાર એટલે અંત્યેષ્ટિ. મનુષ્યના સમગ્ર જીવનની સમાપ્તિ એટલે મૃત્યુ. આદિ માનવ માટે તેનાં કોઈ પમ બાંધવનું મૃત્યુ એ ન સમજાય તેવી બાબત હતી. જયારે હરતો ફરતો બોલતો મનુષ્ય. દરેક ક્રિયા બંધ કરી એટલે એ વાત માટે આશ્ચર્ય અને વસમી હતી.

આપણા પૂર્વજોએ જે પરંપરાઓ સર્જી હતી. તેમાં મૃત્યુ સમયની પણ કેટલીક પરંપરાની સર્જન કર્યું હતુ. આ પરંપરામાં જે વ્યક્તિ મરણોન્મુખ હોય તેનાં મોંમાં ગંગાજળ મૂકવાનો રિવાજ પણ છે.

ગંગાને ભારતનો દરેક નાગરિક પવિત્ર નદી ગણે છે. કારણ કે અવતરણ ભગવાન શિવજીની જટામાંથી થયું હતું. પૌરાણિક કથા મુજબ રાજા ભગીરથે પોતાના કુટુંબીઓમાં થયેલા શ્રાપ-મૃત્યુ માટે તપ કરીને ગંગાનું શિવજી મારફત અવતરણ કરાવ્યું હતું. ગંગાનાં પાણીથી રાજા ભગીરથનાં કુટુંબીઓ સજીવન થયા હતા.

એવી એક માન્યતા હજીય કેટલાક લોકોનાં મનમાં ઘર કરી ગઈ છે કે ગંગાજળ માનવીનાં મોંમાં રેડવાથી કદાચ પાછો સજીવન થાય. મોટાભાગનાં લોકો એવું પણ માને છે કે પવિત્ર ગંગાજળ મોંમાં રેડવાથી આવતો ભવ સુધરી જાય છે.

જયારે મૃત્યુ સમયે ત્રણ પાન ધરાવતું તુલસીપત્ર મૂકવા પાછળનું કારણ એ છે કે તુલસી અત્યંત પવિત્ર છોડ છે. જેની તુલના ન થાય. તે તુલસી તેનો ગુણોથી પૂજનીય છે. આથી, ગંગાજળ મૂકવા બાદ માનવી જયારે મૃત્યુ પામે ત્યારે મોંમાં તુલસીપત્ર મૂકીને તેનાં મૃત્યુને પવિત્રતાનો અનુભવ કરાવે છે.

ગંગાજળને સાચવી રાખવાની પરંપરા આપણા ભારતીય સમાજમાં વર્ષો જૂની છે. આધુનિક કિસાને ગંગાજળ પર પ્રયોગ કર્યા અને જાણવા મળ્યું છે કે સુક્ષ્મ જીવોનાં વિકાસને અવરોધાવે છે ને વર્ષો વર્ષ એવું જ પાણી રહે છે. તુલસી માટે એમ કહેવાય છે કે જેનાં ઘરે તુલસીનો છોડ હોય છે. તે ઘર તીર્થરૂપ થઈ જાય છે. ત્યાં યમદૂતો પણ આવતા નથી.

મૃત્યુ સમયે તુલસીપત્ર મરણોન્મુખ માનવીમાં મોંમાં ચૂકવાથી યજરાજ એ આત્માને માનપૂર્વક સ્વર્ગે લઈ જાય છે. તેમ માનવામાં આવે છે.